નિર્ગમન

અથવા

મુસાનું બીજું પુસ્તક.

અને

કરીંથીઓને પાઉલ પ્રેરિતનો પહેલો અને બીજો પત્ર.

તથા

યાકુબનો પત્ર.

અસલ ઉપરથી ભાષાંતર કરનાર,

રેવ. જાર્જ સ્કાટ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

બીબ. એ. ટ. સોસાઈટી.

નંબર ૧૭ [illegible] ગેટ, મુંબઈ.

કિંમત રૂ. ૦-૨-૬

પ્રત ૫૦૦ આવૃત્તિ ૧ લી.

ઈ. સ. ૧૮૭૪.

[illegible] પ્રેસ, [illegible] છાપ્યું.

નિર્ગમન

એટલે મુસાનું બીજું પુસ્તક.

ખંડણી વિષેનું પુસ્તક.

૧. ઇસ્રાએલ મિસર દેશમાં. ૧:૧–૧૨:૫૧.

૧. તેમની ગુલામગીરી ૧:૭–૨૨.

(૧) આ પુસ્તકનો મુખ્ય વિષય શો છે?

(૨) ઇસ્રાએલ લોક મિસરમાં કેટલાં વર્ષ રહ્યા, અને ત્યાં કેમ ગયા હતા?

(૩) મિસર દેશના રાજા કરતાં તેની સુયાણીઓ વધારે ડાહી હતી એ શા ઉપરથી દેખાય છે?

૨. છુટકો કરનારની તૈયારી. ૨:૧–૪:૧૮.

ક. મુસાનો જન્મ. ૨:૧–૧૦.
ખ. હું પણ ઇસ્રાએલમાંનો એક છું એમ મુસા સ્પષ્ટ કરે છે. ૨:૧૧–૨૦.
ગ. મુસાનો ભાઇબંધ તેનો ધિક્કાર કરે છે (તેનું એક વિદેશી સ્ત્રિ સાથે લગ્ન) ૨:૨૧–૨૬.
ઘ. મુસાને દેવનું તેડું. ૩:૧–૧૪.
(૧) બળતું ઝાડ. ૧–૧૨.
(૨) "યહોવાહ" નામનું પ્રકટીકરણ. ૧૩–૧૪.

ગુજરાતી કૉપી[illegible] મુસાની નિમણુંક અને તેની બે શંકા. ૩:૧૫–૪:૧૮.

(૧) લોકોનો અવિશ્વાસ. ૪:૧–૯.

(૨) વક્તૃત્વની ખામી. ૪:૧૦–૧૩.

(૩) હારૂનની મુસા જોડે નિમણુંક. ૪:૧૪–૧૮.

(૧) મુસાની માએ તેને ગોમતૃણની પેટીમાં સંતાડયો, એ તેનો વિશ્વાસ બતાવે છે, તે કેવી રીતે? (હેબ્રી. ૧૧:૨૩)

(૨) તેના વિશ્વાસનો બદલો તેને કેવો મળ્યો ?

(૩) નિર્ગમનના પુસ્તકપરથી મુસાના ચરિત્ર સંબંધી તમને કેવું શિક્ષણ મળે છે ?
(૧) પ્રત્યક્ષ તેના ચરિત્ર ઉપરથી. (૨) લાક્ષણીક દ્રષ્ટીએ.

(૪) જે મિસરી માણસે હેબ્રી માણસને માર્યો તે મિસરીને ઠાર મારવાનું મુસાનું કૃત્ય ન્યાય ભરેલું અથવા અન્યાય ભરેલું છે તે શા પરથી ?

(૫) પુનર્નિયમ ૧૮:૧૫ માં કહ્યું છે કે, " તારી મધ્યેથી, તારા ભાઇઓમાંથી મારા જેવો એક ભવિષ્યવાદી ઉભો કરશે, તેનું તમારે સાંભળવું. " તો હવે નિર્ગમનના પુસ્તકમાં કઇ કઇ વાતમાં મુસા ઇશુ ખ્રીસ્તના જેવો હતો એમ દેખાય છે ?

(૬) તેણે " ખ્રીસ્ત સંબંધીની નિંદા " (હેબ્રી ૧૧:૨૬) કેવી રીતે વેઠી ?

(૭) તે બળતું ઝાડ આપણને દેવની પવિત્રાઇ વિષે શું શીખવે છે ?

(૮) ઉઘાડા પગ એ શું બતાવે છે ? યહોશુઆ. ૫:૧૫.

(૯) મુસા દેવભણી જોતાં કેમ બીહિધો ?

(૧૦) બળતું ઝાડ અને મુસાને ઇશ્વરનું વચન એ ઉપરથી પ્રભુએ સાદુકી લોકોને શું શીખાડયું ? (માર્ક ૧૨ : ૨૬).

(૧૧) અધ્યાય ૩ : કલમ ૧૪ ના ઉપરથી મુસાને તથા આપણને શું શીખાડવાનો દેવનો હેતુ હતો ?

(૧૨) લાકડી જમીન પર નાંખે એટલે તેનો સાપ થાય અને ઉપાડી લે એટલે પાછી લાકડીજ થાય એ ઉપરથી શો બોધ મળે છે ?

(૧૩) પહેલીવાર હાથ છાતી પર મુકયો અને ઉપાડી લીધો ત્યારે તે કોઢી થયો, પણ ફરી તેજ પ્રમાણે કરવાથી પ્રથમ મુજબ ચોખ્ખો થયો, એ પરથી શો બોધ મળે છે ?

(૧૪) અધ્યાય ૪ : ૧૦ માં મુસાએ નહિ જવાનાં જે કારણ દેખાડયાં તે શું મુસાની ખરી નમ્રતાનાં ચિન્હ હતાં ?

૩. મુસાનું મિસર દેશમાં પાછું આવવું. ૪ : ૧૯ – ૨૮.

૪. છુટકા વિષે ઈસ્રાએલના વડીલોને જાહેર કરવામાં આવે છે. ૪ : ૨૯ – ૩૧.

(૧) " હું ફારૂનનું હૃદય હઠિલું કરીશ " એનો અર્થ શો ?

(૨) ઇશ્વરે તેના ધણીને ઠાર મારવાની ધમકી દેતાંજ, સિપ્પોરાહ પોતાના છોકરાની સુનત કરવા કેમ કબુલ થઇ ? આ ઉપરથી શું એવું સમજવાનું કે પહેલાં તે આ વાત નહોતી માનતી ? નહોતી, તો કેમ નહોતી ! મુસાએ પોતાના છોકરાની સુનત કરવામાં નિષ્કાળજી કરી એ માટે તે દોષિત ઠરે છે શું ?

(૩) સુનતનો લાક્ષણીક અર્થ શો છે ?

(૪) ઇશ્વરના સેવકોએ એકઠા મળીને તેની જે રીતે સેવા કરવી જોઇએ, તે રીત વિષે અધ્યાય ૪ અને કલમ ૨૭ અને ૨૮ આપણને શું શીખવે છે ?

(૫) ઇસ્રાએલ લોકનું મિસરમાંનું દાસત્વ એ માણસ પાપનો દાસ હોવાનું કેવી રીતે બતાવે છે ?

૫. મુસાનો ફારૂનની સાથે વાદ. ૫ : ૧ – ૧૨ : ૩૬.

ક. પહેલીવાર હક માગવો ૫ : ૧ – ૭ : ૯.

(૧) કામનો બોજો બહુ વધ્યો. ૫ : ૧ – ૨૩.

(૨) મુસાની પહેલી પ્રાર્થનાનો યહોવાહનો જવાબ. ૬ : ૧ – ૧૩.

(૩) ઇસ્રાએલી લોકનાં કુટુંબ. ૬ : ૧૪ – ૧૭.

(૪) મુસાની નીમણુંક ફરી કરવામાં આવે છે. ૬ : ૨૮ – ૭ : ૯.

(૧) ઇસ્રાએલી લોકને 'જવા દેવા વિષેનો ઇશ્વરનો સંદેશો સાંભળીને ફારૂન તેમની સાથે વધારે કડક રીતે અને નિર્દયપણે શામાટે વર્તે છે ? અહિંયાં ફારૂન શાની ઉપમા રૂપ છે ?

(૨) યહોવાહ, આ નામનો અર્થ શું બતાવે છે ?

ખ. બીજીવાર હક માગવો, ૭:૧૦–૧૩.

(૧) પહેલો ચમત્કાર.

ગ. ત્રીજીવાર હક માગવો. ૭:૧૪–૨૫.

(૨) બીજો ચમત્કાર. પહેલી પીડા.

(૧) અધ્યાય ૭:૧૧, ૧૨ માં કહેલી વાત વિષે. ૨ તિમોથી ૩:૧–૯ માં વધારે માહિતી શી મળે છે!

ઘ. ચોથીવાર હક માગવો. ૮:૧–૧૯.

(૧) ત્રીજો ચમત્કાર. બીજી પીડા. ૬–૧૧.

(૨) ચોથો ચમત્કાર. ૧૨–૧૫.

(૩) પાંચમો ચમત્કાર. ત્રીજી પીડા. ૧૬–૧૯.

ચ. પાંચમીવાર હક માગવો. ૮:૨૦–૩૨.

(૧) છઠ્ઠો ચમત્કાર. ચોથી પીડા. ૮:૨૪.

(૨) પહેલીવાર કબુલ થવું–તેનો નકાર કરવો. ૨૫–૨૭.

(૩) બીજીવાર કબુલ થવું–તેનો નકાર કરવો. ૨૮–૨૯.

(૪) સાતમો ચમત્કાર. ૩૦–૩૨.

છ. છઠ્ઠીવાર હક માગવો. ૯:૧–૧૨.

(૧) આઠમો ચમત્કાર. પાંચમી પીડા, ૧–૭.

(૨) નવમો ચમત્કાર. છઠ્ઠી પીડા. ૮–૧૨.

જ. સાતમીવાર હક માગવો. ૯:૧૩–૩૫.

(૧) દસમો ચમત્કાર. સાતમી પીડા. ૨૨–૩૫.

ઝ. આઠમીવાર હક માગવો. ૧૦:૧–૧૧:૧૦.

(૧) ત્રીજીવાર કબુલ થવું–તેનો નકાર કરવો. ૧૦:૮–૧૧.

(૨) અગ્યારમો ચમત્કાર–આઠમી પીડા. ૧૦:૧૨–૨૦.

(૩) બારમો ચમત્કાર–નવમી પીડા. ૧૦:૨૧–૨૩.

(૪) ચોથીવાર કબુલ થવું–તેનો નકાર કરવો. ૧૦:૨૪–૨૭.

(૫) રાજાને ન્યાયને સોંપી દીધો. ૧૦:૨૮, ૨૯.

(૬) જ્યેષ્ટ પુત્રો પર આવનારી પીડાનું ભવિષ્ય. ૧૧:૧–૧૦.

(અ) પાસ્ખા પર્વ. ૧૨:૧–૧૧.

(બ) ખંડણી (ઉપમારૂપ) લોહીથી ખંડણી થાય છે એ આગળથીજ કહી દીધું — ૧૨:૧૨, ૧૩.

(ક) લોહીથી થતી ખંડણીનું સ્મારક. ૧૨:૧૪–૨૮.

(૭) દસમી પીડા–જ્યેષ્ટ પુત્રોનું મરણ. ૧૨:૨૯–૩૬.

(૧) સાતમા અધ્યાયની અગ્યારમી કલમનો અર્થ ગીત ૧૦૫ : ૨૫–૨૬ માં વધારે સ્પષ્ટ કેવી રીતે થાય છે ?

(૨) જાનસે તથા જામ્બ્રસે મુસાને કેવી રીતે અટકાવ્યો ? આ ઉપરથી ઇશ્વરના આત્માના કામને શેતાન તરફથી થનાર અડચણ વિષે આપણે શું શીખીયે છીએ.

(૩) ૨ જું તીમોથી ૩ : ૧ – ૯ વાંચીને આપણે હાલમાં “ છેલ્લા દહાડાઓમાં ” રહીએ છીએ એવો વિશ્વાસ રાખવાને કંઇ આધાર મળે છે શું ?

(૪) જાદુગરોને લાકડીના સાપ, પાણીનું લોહી, દેડકા આણવાં, એ આવડયું, પણ ધૂળની જુઓ કરતાં કેમ ન આવડયું ?

(૫) ફારૂનનું સાંભળીને તેના કહેવા પ્રમાણે મિસરમાં ઇશ્વરને યજ્ઞ કરવો કેમ અયોગ્ય હતું ? અધ્યાય ૮ : ૨૫ ની સાથે ૨ જું કરીંથી ૬ : ૧૭ અને યાકુબના પત્રના અધ્યાય ૧ ની તુલના કરો.

(૬) ફારૂનની બીજી હરકત અ. ૮ : ૨૮ ની સાથે ૨ જું પીતર ૨ : ૨૦,૨૧ સરખાવો. મિસર પાસે રહેવું એ જોખમ ભરેલું કેમ થાત ? ખ્રીસ્તી માણસ જગીક વાતોથી દુર ન રહેવાથી ઉપર પ્રમાણે જોખમમાં છે શું ?

(૭) ફારૂનની ત્રીજી હઠ મુસા કેમ કબુલ ન રાખી શકયો ? અધ્યાય ૧૦ : ૮ – ૧૧ ની સાથે એફેસીઓને પત્રનો ૬ ઠો અધ્યાય સરખાવો.

(૮) ઇસ્રાએલ લોકનાં ઘેટાં બકરાં અને ઢોરઢાંક તેજ દેશમાં રહેવા દેવાની પરવાનગી મુસા કેમ આપી ન શકયો ?

(૯) ગીત ૧૩૬ : ૧૦ માં કહ્યું છે કે " પ્રથમ જનિતોને સંહારીને જેણે મિસરને માર્યો [તેની સ્તુતિ થાઓ], કેમકે તેની કૃપા અનંતકાળ છે." મિસરના પ્રથમ જનિતોને માર્યા, તો પછી એ કૃપા વળી કેવી જાતની હતી ?

(૧૦) ઇસ્રાએલી લોકો માટે વર્ષની શરૂઆત ઇશ્વરે કેમ બદલી ?

(૧૧) પારખા પર્વ એ શાની ઉપમા રૂપ છે ? ૧ કરીંથી ૫ : ૭.

(૧૨) માણુસ જાતનો ઉધ્ધાર કરવા વિષે દેવે કયારે ઠરાવ્યું ? ૧ પીતર ૧ : ૧૮ – ૨૦.

(૧૩) ઉતરંગ તથા બન્ને બારસાખ પર લોહી છાંટવું એ શાની ઉપમા છે ? ૧૨ : ૭.

(૧૪) અગ્નિમાં શેકેલું માંસ, બેખમીર રોટલી, અને કડવી ભાજી, એ શાની ઉપમા રૂપ છે ? યોહાન ૧ : ૨૯; ૧ કરીંથી ૫ : ૬, ૭; ૧ પીતર ૧ : ૧૮, ૧૯ જુઓ.

(૧૫) હલવાન એબ રહિત છતાં તેને ચાર દિવસ પરિક્ષા માટે રાખવાનું હતું. ખ્રીસ્તના આ જગત્‌માંના નિર્દોષ જીવનની પરિક્ષા કરવામાં આજ વાત તમારા જોવામાં આવે છે ? આવી રીતે નિર્દોષ કરેલું હલવાન મારવુંજ જોઇતું હતું. નિર્ગમન ૧૨ : ૬, યોહાન ૧૨ : ૨૪; હેબ્રી ૯ : ૨૨ લોહી લગાડવુંજ જોઇએ. યોહાન ૩ : ૧૬. ન્યાયમાંથી બચી જવા માટે, બીજો કાંઇ ઉમેરો કર્યા વગર

કેવળ આ લોહીજ બસ હતું. ૧ યોહાન ૧:૭ અને હેબ્રી ૧૦:૧૪, ૧૫ ની સરખામણી કરો. આ પર્વે ખ્રીસ્તની પ્રતિમા દેખાડી; જીવનની રોટલી જે યાદગીરી માટે સ્થાપેલા ભોજનમાં સ્પષ્ટ હતી તેજ. માત્થી ૨૬:૨૬–૨૮; ૧ કરીંથી ૧૧:૨૩–૨૯. આ પર્વ પાળવું એ એક કર્ત્તવ્ય અથવા ટેવ હતી, પણ તેમ કરવું (એટલે પ્રભુ ભોજન પાળવું) એ કાંઇ સહિસલામતીની શરત ન હતી.

(૧૬) નિર્ગમન ૧૨:૪૩–૪૯ અને રૂમીઓને પત્ર ૮:૮ એની સરખામણી કરો; અને સુનતનો અર્થ સમજાવો; તેમજ બેસુનતી લોકોને પાસ્ખા ખાવાની પરવાનગી ઇશ્વરે કેમ આપી નહિ?

(૧૭) અધ્યાય ૧૨:૪૬ માં કહ્યું છે કે 'એકજ ઘરમાં તે ખવાય." આ ઉપરથી ખ્રીસ્તની મંડળી વિષે આપણે શું શીખી શકીએ છીએ?

૬. ઇસ્રાએલી લોકનો મિસરમાંથી છુટકો. ૧૨:૩૭–૧૪:૩૭.

(૧) પરાક્રમ વડે ખંડણી – મુસાફરીની પહેલી મજલ. ૧૨:૩૭–૫૧
(૨) પ્રથમ જનિતોને યહોવાહને માટે અલાયદા રાખવા. ૧૩:૧–૧૯.
(૩) પરાક્રમ વડે ખંડણી.
(ક) મુસાફરીની બીજી મજલ ૧૩:૨૨. દેવની સમક્ષતા અને માર્ગદર્શન ૨૧–૨૨.
(ખ) મુસાફરીની ત્રીજી મજલ ૧૪:૧–૨૮. પાછળ લાગનારા મિસરી લોકો પર યહોવાહનો જય.
(ગ) મુસાફરીની ચોથી મજલ. ૧૪:૨૯–૩૧.

(૧) સંકટ સમયે "સ્થીર રહીને ઇશ્વરના તારણની વાટ જુઓ" આ આજ્ઞા ઉપરથી ખ્રીસ્તી માણસે શો બોધ લેવો?

(૨) વાદળ અને સમુદ્ર એ શાની ઉપમા છે?

૭. ખંડણીની પૂર્ણતા. ૧૫ : ૧ – ૨૧.

છૂટકો પામેલાઓનું ગાયન.

૮. છૂટકો પામેલાઓની રાનમાં વસ્તી. ૧૫ : ૨૨ – ૧૮ : ૨૭.

(૧) ખંડણી, અનુભવમાં.

(ક) મુસાફરીની પાંચમી મજલ. ૧૫ : ૨૨.

(ખ) મુસાફરીની છઠ્ઠી મજલ. ૧૫ : ૨૩ – ૨૭.

(૧) કડવું કેવી રીતે મીઠું કરવામાં આવે છે. ૨૩ – ૨૬.

(૨) પરિક્ષા પછી વિસામો. ૨૭.

(ગ) મુસાફરીની સાતમી મજલ, ૧૬ : ૧ – ૩૬.

(૧) ભૂખ. ૧ – ૧૩.

(૨) માન્ના. ૧૪ – ૨૨ (ખ્રીસ્ત જીવનદાતા અને પોષણદાતા છે એ બતાવનાર. યોહાન ૬ : ૩૦ – ૬૩).

(૩) ઇસ્રાએલીઓને સાબ્બાથ દિવસ આપ્યો. (ઇસ્રાએલના રાજા સુચક ૧૩ – ૩૬)

(૧) નિર્ગમનનો ૧૫ મો અધ્યાય સ્તુતિના ગીતનો ઉત્તમ નમુનો કેવી રીતે છે ?

(૨) મારાહ અને એલામ એ આપણને શાની ઉપમા રૂપ છે !

(૩) એલામથી કનાન શી બાબતમાં જુદું છે !

(૪) ઇસ્રાએલી લોક માન્નાથી કંટાળ્યા.. જીવનની રોટલી જે ખ્રીસ્ત તે પર પોષણ કરવાને ખ્રીસ્તી માણસને કદી કંટાળો આવે છે શું ?

(૫) સાબ્બાથ એ શું બતાવે છે ! હેબ્રી ૪ : ૮, ૯ સરખાવો.

(ઘ) મુસાફરીની આઠમી મજલ. ૧૭: ૧ – ૧૮: ૨૭.

(૧) તરસ. ૧૭ : ૧ – ૪.
(૨) ખડકમાંથી પાણી. (એ ખ્રીસ્ત જે સંબોધક આપનાર તેની ઉપમા. યોહાન ૭ : ૩૪) ૧૭ : ૫ – ૭.
(૩) અમાલેકની સાથે લડાઇ. ૧૭ : ૮ – ૧૬.
(૪) માણસ પર આધાર રાખવો. ૧૮ : ૧ – ૨૭.

(૧) ફોડેલો ખડક એ શાની ઉપમા છે? ૧ કરીંથી ૧૦ : ૪.

(૨) ફોડેલા ખડકમાંથી પાણી નીકળવું એ શાની ઉપમા છે? યાકુબ ૭ : ૩૭ – ૩૯; પ્રેરિત. ૧૯ : ૨.

(૩) અમાલેક એ દેહની ઉપમા કેવી રીતે છે? તે કોનો પૌત્ર? અમાલેકની સાથે લઢાઇ હંમેશાં ચાલતી હતી, ૧ શમુ. ૨૫ જુઓ. એસ્તરના પુસ્તકમાં હામાનનો અંત કેવો થયો તેની સાથે સરખાવો.

(૪) મુસા પર્વતપર કોની ઉપમા રૂપ હતો?

ખંડણી પામેલા સિનાય પર્વતે.

(૧) ખંડણી, અનુભવમાં (આગળ ચાલુ) સિનાય પર્વતપર. ૧૯ : ૧.

(૧) નિયમશાસ્ત્રને લીધે કૃપાનો અનાદર. ૧૯ : ૩ – ૭.
(૨) સત્તાધિશોની વ્યવસ્થાનો જમાનો વધસ્થંભ સુધી પહોંચે છે. ૧૯ : ૮ મા. ૨૭ : ૩૬.
(૩) નિયમશાસ્ત્રમાં લોકો અને પરમેશ્વરની વચ્ચે મેઘસ્થંભની આડ હતી—તેની પાસે જવું અશક્ય હતું. ૧૯ : ૯ – ૨૫.

૫૪૨૪ ૧૧

નિયમ શાસ્ત્ર.

(૪) દેવના પવિત્ર નિયમશાસ્ત્રના જણાવવાથી પોતાની જાણ. (રૂમી ૭: ૭–૨૪.)

(ક) આજ્ઞા–મુસાનો કરાર. ૨૦:૧–૨૬.

(ખ) નિયમ – શેઠ અને દાસ, ૨૧:૧–૧૧. લોકને ઇજા કરવી, ૨૧:૧૨–૩૬. માલમત્તા સંબંધી હક, ૨૨:૧–૧૫. માણસ જાત વિરુદ્ધ અપરાધ, ૨૨:૧૬–૨૩:૯. જમીન અને સાબ્બાથ, ૨૩:૧૦–૧૩.

(ગ) ત્રણ મોટાં પર્વ – બેખમીરી રોટલીનું, પ્રથમ ફળનું, અને સંગ્રહ પર્વ, ૨૩:૧૪–૧૯.

(ઘ) દેશ કબજે કરી લેવા વિષે નિયમ અને વચનો, ૨૩:૨૦–૩૩.

૧. સિનાય આગળ કયા પાઠ શીખાડયા?

૨. માણસ પર શાપ છે એ નિયમશાસ્ત્ર કેવી રીતે બતાવે છે?

૩. નિયમશાસ્ત્ર જીવન આપી શકે છે શું? જો નહિ, તો કેમ નહિ?

૪. નિયમનો સાર શું છે?

૫. માણસ મૂળ સ્વભાવ પ્રમાણે નિયમશાસ્ત્ર પાળી શકે છે શું?

૬. ઇશ્વર પૂર્ણ ન્યાયી, દૃઢ, અને બારીક વાતો વિષે જોનાર છે, એ અધ્યાય ૨૧–૨૩ પરથી કેવી રીતે જણાય છે?

૭. તમે આ વાતો વિષે કાંઇ જાણો છો? (૧) બેખમીરી રોટલીનું પર્વ, (૨) પાકનું અથવા પ્રથમ ફળનું પર્વ, અને (૩) સંગ્રહ પર્વ,

(૫) મંડપ તૈયાર થતાં સુધી ભક્તિ, ૨૪:૧-૧૮.

(ક) મુસાને ઉપર બોલાવવો, ૨૪:૧-૨.

(ખ) લોક કરાર કબુલ કરે છે, ૨૪:૩-૮.

(ગ) મુસા, યાજક, અને વડીલ દેવને ભજે છે. ૨૪:૯-૧૮.

(૬) મુસા પર્વત પર, ૨૫:૧-૩૨:૧૪.

(ક) મંડપ, ૨૫:૧-૨૭:૨૧.

સાધન, ૨૫:૧-૯; કોષ, ૨૫:૧૦-૨૨; પવિત્ર રોટલીની મેજ, ૨૫:૨૩-૨૯ (લેવી ૨૪:૫-૯ ની સાથે સરખાવી જુઓ); સોનાનું દીપવૃક્ષ, ૨૫:૩૧-૪૦; શણના પડદા, ૨૬:૧-૬; બકરાંના વાળના પડદા, ૨૬:૭-૧૩; ઘેટાંનાં ચામડાનું આચ્છાદન, ૨૬:૧૪; પાટિયાં અને કુંભીઓ, ૨૬:૧૫-૨૫; બહારની ભુંગળો, ૨૬:૨૬-૨૭; વચલી ભુંગળ, ૨૬:૨૮; સોનાથી મઢી લેવું, ૨૬:૨૯-૩૦; અંદરનો પડદો ૨૬:૩૧,૩૬; બહારનો પડદો, ૨૬:૩૬-૩૭; પિત્તળે મઢેલી વેદી, ૨૭:૧-૮; આંગણું, ૨૭:૯-૧૫; આંગણાના દરવાજા માટે પડદા, ૨૭:૧૬-૧૯; બત્તિ માટે તેલ, ૨૭:૨૦-૨૧.

૧. પર્વતની તળેટીમાં મુસાએ જે બળદના લોહીનું અર્પણ કર્યું તેનો ઉપયોગ શો હતો?

૨. પડદાનું ભરતકામ એ શાની ઉપમારૂપ હતું?

૩. "તેઓએ દેવને જોયો, ને ખાધું તથા પીધું," એનો અર્થ સ્પષ્ટ કરીને તમને કહેતાં આવડશે?

૪. મુસા ચાળીસ દિવસ અને ચાળીસ રાત પર્વત પર હતો, તે સમયમાં દેવે તેને શું શીખાડયું ?

૫. મંડપ એ સ્વર્ગની વાતનો નમુનો, અને ખ્રીસ્તના શરીરની ઉપમા રૂપ છે એમ કહેવાને શાસ્ત્રમાંથી બીજી જગ્યાના પુરાવા આપો.

૬. કરારના કોષનું સ્થાન કયું હતું ?

૭. કોષ અને દયાસન મળીને ખ્રીસ્ત તથા તેના કામની પ્રતિમા કેવી રીતે બતાવે છે ?

૮. તે બાર રોટલી શાની ઉપમારૂપ છે ?

૯. તે સાત દીવા શાની ઉપમા છે ? પ્રકટીકરણ ૧:૨;૪:૫.

૧૦. જો આપણે "દેવના યાજક છીએ તો ઇશુના રક્તથી પરમ પવિત્ર સ્થાનમાં પ્રવેશ કરવાને આપણને હિમ્મત છે. ત્યાંની પવિત્ર રોટલી અને પવિત્ર મેજ પરની જગ્યા પવિત્ર આત્માના પ્રકાશમાં આપણે માટે છે. તેમાંથી ઉપભોગ મળવો કોણ બંધ કરશે ?

૧૧. આ વાતો શું બતાવે છે ? (૧) "ઝીણા કાંતેલા શણનાં વસ્ત્રો," (૨) "નીલ" (૩) "જાંબુઆ" અને (૪) "કીરમજી." આમાં મંડપના પડદાનાં નહિ પણ બીજા પડદાનાં, તંબુના દરવાજાના પડદા, આંગણાના દરવાજાના પડદા અને હારૂનના સેવાનાં પવિત્ર વસ્ત્રોનો સમાવેશ થાય છે તે ધ્યાનમાં રાખવું.

૧૨. બકરાના વાળના બનાવેલા પડદા વડે બહારના લોકથી મંડપની શોભા ઢાંકેલી હતી. જે ખ્રીસ્તની બહાર છે તેઓ વિષે આ ઉપરથી આપણે શું શીખવું?

૧૩. "ઘેટાંનાં લાલ રંગેલાં ચામડાં" શાની ઉપમા રૂપ છે?

૧૪. પિત્તળે મઢેલી વેદી શાની ઉપમા રૂપ છે?

૧૫. તે ક્યાં રાખવામાં આવી હતી.

(ખ) યાજકપદ, ૨૮:૧–૨૯:૪૬.
મુખ્ય યાજક અને યાજક.
ખ્રીસ્ત તથા તે પર વિશ્વાસ કરનારાની ઉપમા, ૨૭:૧–૩.

(ક) તેમનાં વસ્ત્રો – સાહિત્ય. ૪:૪,૫. એફોદ ૨૮:૬–૧૪. ઉરપત્ર ૨૮:૧૫–૨૯. ઉરીમ અને તુમ્મીમ ૨૮:૩૦. એફોદનો જામો ૨૮:૩૧–૩૫. "પવિત્ર મુગટ" ૨૮:૩૬–૩૮ (૨૯:૬). સાધારણ વસ્ત્રો ૨૮:૩૯–૪૩.

(ખ) યાજકોનું સ્વાર્પણ ૨૯:૧–૧૫, અર્પણ ૧–૪, મુખ્ય યાજકની દિક્ષા ૫–૭, યાજકની દિક્ષા ૮–૯, દહનીયાર્પણનો ક્રમ. ૧૦–૨૬.

(ગ) યાજકનું અન્ન, ૨૯:૨૬–૪૬. લેવી ૨:૬; ૬:૧૪–૧૮, ૨૪:૨૪; ૭:૩–૧૧,૩૪.

૧. હારૂન પવિત્રસ્થાનમાં જતો ત્યારે તેની છાતીપર ન્યાયકરણના ઉરપત્રમાં ઇસ્રાએલ પુત્રોનાં નામ જોઇને આપણને શાની યાદ આવે છે?

૨. કમરબંધ એ શું બતાવે છે?

૩. હારૂન અને તેનો પુત્ર શાની ઉપમા છે ?

૪. હારૂન અને તેના પુત્રના જમણા કાનની ટોચ પર, જમણા હાથના અંગુઠા પર, તથા જમણા પગના અંગુઠા પર રક્ત કેમ ચોપડવું પડતું હતું ?

૫. અભિષેકનું તેલ શાની ઉપમા છે ?

૬. પાપાર્થાર્પણ આપણને શું શીખવે છે ?

૭. પાપાર્થાર્પણ ચઢાવવાની રીત પરથી આપણે શું શીખીએ છીએ ?

૮. યજ્ઞાર્પણ આપણને શું શીખવે છે ? હેબ્રી. ૧૦:૧૦.

૯. આરત્યર્પણ ઉપરથી આપણે શું શીખીએ છીએ ?

૧૦. હોમાર્પણ એ ખ્રીસ્તનું મરણ અને અન્નાર્પણ એ તેનું જીવન કેવી રીતે દેખાડે છે તે બતાવો.

(ગ) સભામંડપ. ૩૦:૧–૩૧:૧૧.

(ક) ધૂપવેદી. ૩૦:૧–૧૦.

(ખ) કોણુ ભજે ૩૦:૧૧–૩૮. ખંડણી પામેલા ૧૧–૧૬ (ગીત ૧૦૭:૧,૨; નિર્ગમન ૧૫:૧–૨૧), શુદ્ધ કરાયલા ૧૭–૨૧ (હેબ્રી ૧૦:૨૨; યોહાન ૧૩:૩–૧૦; ૧ યોહાન ૧:૯), દેવના અભિષિક્ત ૨૨–૩૩ (યોહાન ૪:૨૩; એફેસી ૨:૧૮; ૫:૧૮, ૧૯).

(ગ) ધૂપ – પ્રાર્થના અને સ્તુતિ બતાવે છે ૩૦:૩૪–૩૮; પ્રભુ માટે ૩૭. આત્મિક જગીક નથી ૩૮.

(ઘ) કારીગર ૩૧:૧–૧૧.

(ઘ) સાબ્બાથ – યહોવાહ અને ઇસ્રાએલ વચ્ચે ચિન્હ. ૩૧:૧૨–૧૮.

(ક) નિયમશાસ્ત્રનું ઉલંઘન ૩૨:૧–૩૫.

(૧) યહોવાહ તરફથી નિષેધ અને શિક્ષા. ૭–૧૦.

(૨) મુસાની મધ્યસ્થી. ૧૧–૧૪ (૧ યોહાન ૨:૧).

(૩) શિક્ષણને દ્વારે ન્યાય. ૧૫–૨૮.

(૪) આશિર્વાદ ખોવો. ૨૯.

(૫) પાપ કબુલ કરવાં અને મુસાની મધ્યસ્થી. ૩૦–૩૫.

(ખ) ફરી મુસાફરી કરવાની તૈયારી. ૩૩:૧–૪૦:૩૮.

(૧) ફરી ચાલવાનો હુકમ. ૩૩:૧–૬.

(૨) સભામંડપની છાવણી. ૩૩:૭–૧૧.

(૩) મુસાની પ્રાર્થના, યહોવાહનો ઉત્તર. ૩૩:૧૨–૧૭.

(૪) નવા કામ માટે મુસા ફરી દેવનું દર્શન શોધે છે. ૩૩:૧૮–૨૩.

(૫) આજ્ઞાની બીજી પાટીઓ. ૩૪:૧–૪.

(૬) નવું દર્શન. ૩૪:૫–૯.

(૭) ફરી કામ સોંપવું. ૩૪:૧૦–૧૭.

(૮) પર્વ અને સાબ્બાથ વિષે ફરી તાકીદ. ૩૪:૧૮–૩૫:૩.

(૯) સભામંડપ. ૩૫:૪–૪૦:૩૮. લોકનાં દાન. ૩૫:૪–૩૬.

(ક) કામનો આરંભ. શણના પડદા, ૩૬:૮–૧૩. ઘેટાંનાં ચામડાંનું આચ્છાદન, ૩૬:૧૪–૧૯. ઘેટાંના ચામડાંનું આચ્છાદન, ૧૯. પાટીયાં અને કુંભીઓ ૩૬:૨૦–૨૩. રૂપાની કુંભીઓ, ૩૬:૨૪–૩૦. ભુંગળ ૩૬:૩૧–૩૬. સોનાથી મઢવું ૩૬:૩૪. અંદરનો પડદો ૩૬:૩૫, ૩૬. બહારનો પડદો ૩૬:૩૭, ૩૮. કોષ

—હેમાસન ૩૭ : ૬ – ૯. પવિત્ર રોટલીની મેજ, ૩૭ : ૧૦ – ૧૬. સોનાનું દીપવૃક્ષ, ૩૭ : ૧૭ – ૨૪. હોમવેદી ૩૭ : ૨૫ – ૨૮. અભિષેક કરવાનું પવિત્ર તેલ, ૩૭ : ૨૯. હોમવેદી — ૩૮ : ૧ – ૩૯. પિત્તળનો હોજ, ૩૮ : ૮. આંગણું, ૩૮ : ૧ – ૧૭. આંગણાનો દરવાજો, ૩૮ : ૧૮ – ૩૧. હારૂનનાં પવિત્ર વસ્રો. ૩૯ : ૧ – ૪૦.

(ખ) મંડપ ઉભો કરવો. ૪૦ : ૧ – ૩૮.

૧. ધૂપવેદી શાની ઉપમા છે? શુદ્ધ ધૂપ, શુદ્ધ અગ્નિ અને શુદ્ધ સોનું, એ લક્ષમાં રાખો. પિત્તળની અને સોનાની વેદીમાં શો ભેદ હતો?

૨. પિત્તળના હોજનો શો ઉપયોગ થતો હતો?

૩. હમણાં કયા હોજનો આપણે ઉપયોગ કરવો?

૪. અહલીઆબનુ ઇશ્વરી આમંત્રણ, તેના ગુણ, અને તેની નીમણુંકની સ્થાપના એ વાત લક્ષમાં લાવો. આ નિમણુંક મંડપના કામ ઉપર હતી. ઇશ્વરી કામ સંબંધી ઉપદેશકની ઇશ્વરી નિમણુંક આવીજ ન હોય શું?

૫. હમણાં સાબ્બાથને બદલે આપણે પ્રભુનો દિવસ કેમ પાળીએ છીએ?

૬. નામના ખ્રીસ્તીમાં કેવા પ્રકારની મૂર્તિપૂજા આપણને મળી આવે છે?

૭. સોનાના વાછરડા સંબંધી ઇસ્રાએલ લોકે કરેલા પાપ વિષે વિચાર કરતાં મુસા પોતા વિષે કેમ ભૂલી ગયો?

૮. મિસરમાં જે "પિડીત લોક" હતા તેમને હવે દેવ "હઠીલા" કહે છે અને તેવા છે માટે તેમને નમ્ર કરવા જોઇએ, એ કેમ?

૯. મુસાએ મંડપ છાવણી બહાર કેમ ઉભો કર્યો?

૧૦. મંડળીનું રાજીખુશીથી કામને માટે અર્પણ થવું. અધ્યાય ૩૫:૨૦–૨૯; અધ્યાય ૩૬:૪–૭. અને તેનું આજ્ઞાંકિતપણું, અધ્યાય ૩૯:૪૨, ૪૩. એવીજ રીતે જેટલા પ્રમાણમાં આપણે રાજીખુશીથી કામને માટે અર્પણ થનારા અને આજ્ઞાંકિત હોઇશું તેટલાજ ખરા ખ્રીસ્તી આપણે પોતાને સમજવા?

૧૧. અરણ્યમાં ઇસ્રાએલીઓની જે પરિક્ષા થઇ, જે અડચણો તેમના પર આવી અને જે મોહ તેમને થયા એ સર્વ ઉપરથી આપણે શું શીખી શકીએ છીએ?

૧૨ અરણ્યમાંની મુસાફરી ખ્રીસ્તી માણસને શું સુચવે છે? ઇશ્વરની સંરક્ષણ કરવાની શક્તિ અને સમક્ષતા એ વિશેષ લક્ષમાં રાખો. દૃષ્ટાંત વચન ૮:૨–૪ની સરખામણી કરો.

કરીંથીઓને
પાઉલ પ્રેરિતનો પહેલો પત્ર.

૧. સલામ — પ્રસ્તાવના. ૧ : ૧ – ૩.

(૧) આ પત્ર ક્યાં, ક્યારે અને કોણે લખ્યો?

(૨) પ્રસ્તાવનામાં આવતા "પવિત્ર" શબ્દનો અર્થ શો છે?

૨. ઉપકાર સ્તુતી. ૧ : ૪ – ૯.

૩. મંડળીમાંના ટંટાનો નિષેધ. ૧ : ૧૦ – ૧૬

(૧) આ પત્રમાં પાઉલે કઈ મહત્વની વાત કરીંથીઓને લખી છે?

(૨) કરીંથ અને પાસેની બીજી મંડળીઓમાં કયા પ્રકારના ટંટા કે તડ પડેલાં હતાં?

(૩) તેનો નિષેધ પાઉલે કેવી રીતે કર્યો?

૪. પાઉલની સુવાર્તા પ્રગટ કરવાની રીત. ૧ : ૧૭ – ૧૮.

૫. માનવી અને ઇશ્વરી જ્ઞાન. ૧ : ૧૮ – ૩૧.

૬. ઇશ્વરી અને માનવી જ્ઞાન. ૨ : ૧ – ૧૬.

૭. મંડળીમાંના ખ્રીસ્તી ઉપદેશકોનું કામ. ૩:૪–૭.

૮. મંડળીમાંના આગેવાનોના અભિમાન અને પ્રેરિતોની હિનાવસ્થાની તુલના. ૪:૮–૨૧.

૯. મંડળીમાં દુરાચારી માણસોને રહેવા દેવા માટે પાઉલ તેમને દોષ દે છે. ૫:૧–૧૩.

(૧) "થોડું ખમીર આખા લોંદાને ફુલાવે છે," એ કહેણીનો ઉપયોગ પાઉલ કેવી રીતે કરે છે તે સ્પષ્ટ કરીને દેખાડો.

(૨) "તમે વ્યભિચારીઓની સોબત ન કરો" એ વિષે પાઉલે શું સમજાવ્યું.?

૧૦. મૂર્તિપૂજક ન્યાયાધિશોની આગળ ફરિયાદ કરવાનો નિષેધ. ૬:૧–૮.

૧૧. માણસને દેવના રાજ્યની બહાર કાઢનાર પાપ. ૬:૯–૨૦.

(૧) દેવના રાજ્યનો વારસો કોણ નહિ પામે એ વિષે પાઉલ શું લખે છે?

(૨) "સઘળાં તો મને ઉચિત છે" એમ પાઉલ શામાટે કહે છે, અને તે વિષે તે બીજું શું કહે છે?

૧૨. પરણવા તથા બીજા સંબંધ વિષેના પ્રશ્નના જવાબ. ૭:૧–૪૦.

(૧) પુરૂષે કે સ્ત્રીએ લગ્ન કરવા સંબંધી પાઉલનો મત શો હતો?

(૨) વર કે વહુ એમાંથી એક ખ્રીસ્તી ન હોય તો તેમની ફારગતી વિષે પાઉલ કેવો મત લખે છે?

૧૩. મૂર્તિઓના નૈવેદ ખાવા વિષે. ૮ : ૧ – ૧૩.

૧૪. દુર્બળ ભાઇની પ્રેકરણબુદ્ધિનું માન રાખવા વિષે. ૮ : ૯ – ૧૩.

(૧) મૂર્તિઓના નૈવેદ ખાવા વિષે પાઉલ શું કહે છે?

૧૫. ખ્રીસ્તી ધર્મોપદેશકના પોષણનો અધિકાર. ૯ : ૧ – ૧૮.

૧૬. તે વિષે પાઉલનો પોતાનો નિયમ અને શિક્ષણનું ઉદાહરણ. ૯ : ૯ – ૨૭.

૧૭. પાપથી અલગ રહેવાની જરૂર. ૧૦ : ૧ – ૧૩.

૧૮. મૂર્તિપૂજા સાથે સંબંધ ન રાખવો. ૧૦ : ૧૪ – ૨૦.

૧૯. મૂર્તિપૂજા સાથે સંબંધ રાખવો એ ખ્રીસ્તનો નકાર કરવા બરોબર છે. ૧૦ : ૨૧ – ૨૨.

૨૦. આપણી સ્વતંત્રતાનો ઉપયોગ કેવી રીતે કરવો. ૧૦ : ૨૩ – ૩૩.

૨૧. મંડળીની સભામાંની અવ્યવસ્થાનો નિષેધ, ૧૧ : ૧ – ૭.

૨૨. ઘુંઘટ વિના બાયડીઓએ સભામાં ન આવવા વિષે. ૧૧ : ૮ – ૧૬.

૨૩. પ્રભુ ભોજન વિષે. ૧૧ : ૧૭ – ૩૪.

(૧) કરીંથીઓને પહેલા પત્રમાં પાઉલ પ્રભુ ભોજન વિષે શું લખે છે?

૨૪. આત્મિક દાનો વિષે. ૧૨ : ૧ – ૩૧.

(૧) આત્મિક કૃપા દાનો કયાં કયાં છે? એમનાં નામ કહો, ને તે વિષે પાઉલ શું કહે છે તે લખો.

૨૫. પ્રીતિ વિના સઘળું વ્યર્થ છે. ૧૩ : ૧ – ૩

૨૬. પ્રીતિના લક્ષણો. ૧૩ : ૪ – ૧૩

(૧) પાઉલ પ્રીતિ વિષે શું કહે છે?

૨૭. અનેક ભાષા કરતાં ભવિષ્યવાદ કરવાનું દાન શ્રેષ્ઠ છે. ૧૪:૧–૨૬.
૨૮. સભામાં આત્મિક દાનોનો ઉપયોગ કેમ કરવો. ૧૪:૨૬–૪૦

(૧) અન્ય ભાષાના દાન તથા તેના ઉપયોગ વિષે પાઉલ શું કહે છે?

૨૯. પુન્રૂત્થાન વિષે ખ્રીસ્તી મત. ૧૫:૧–૧૧.
૩૦. માણસોના પુન્રૂત્થાનનો ખ્રીસ્તના ફરી ઉઠવા પર આધાર. ૧૫:૧૨–૨૮.
૩૧. પુન્રૂત્થાન ન હોય તો શું થાય તે વિષે. ૧૫:૨૯–૩૪.
૩૨. પુન્રૂત્થાન કેવી રીતે થાય છે તે વિષે. ૧૫:૩૫–૪૧.
૩૩. આ શરીર બદલાઇને ખ્રીસ્તના આત્મિક શરીર જેવું થશે. ૧૫:૪૨–૪૯.
૩૪. દિવ્ય રાજ્યમાં રહેવા માટે આ ફેરફાર થવો જોઇએ. ૧૫:૫૦–૫૩.
૩૫. જયાનંદયુક્ત ઇશ્વર સ્તવન. ૧૫:૫૪–૫૭.
૩૬. બોધ. ૧૫:૫૮.

(૧) પુન્રૂત્થાનની અસર ખ્રીસ્તી લોકોપર શી થાય છે?

(૨) પહેલા અને બીજા આદમની તુલના કરો.

૩૭. યહુદાના ખ્રીસ્તી લોકો માટે ઉઘરાણું કરવા વિષે સૂચના. ૧૬:૧–૪.
૩૮. ખાનગી વાતો, બોધ અને સલામ. ૧૬:૬–૨૩.

(૧) તિમોથી, આકુલા અને પ્રિસ્કા વિષે તમે જે જાણતા હો તે કહો.

કરીંથીઓને
પાઉલ પ્રેરિતનો બીજો પત્ર.

૧. શરૂઆતની સલામ. ૧:૧–૨.

૨. પ્રભુથી મળતા સમાધાન અને તારણ માટે ઉપકાર સ્તુતિ. ૧:૩–૧૧.

(૧) આ પત્ર લખતી વખતે પાઉલ ક્યાં હતો?

(૨) અખાયા ક્યાં છે? ૯:૧–૪.

(૩) અખાયામાંનાં બીજાં કયાં મહત્વનાં શહેરોમાં પાઉલે ઉપદેશ કર્યો?

૩. પ્રેરિત તથા તેના શિષ્યોની સંગત. ૧:૧૨–૨૪.

(૧) કરીંથીઓને ઉપદેશ કરતાં પોતાના જે સાથી કામદારો વિષે પાઉલે લખાણ કર્યું તેમનાં નાંમ કહો.

(૨) "બ્યાનું" એટલે શું અને પાઉલે તેની તુલના શા સાથે કરી છે?

૪. કરીંથ જતાં વાર થવામાં પાઉલનાં કારણો. ૨:૧–૫.

૫. પશ્ચાતાપ કરનારાઓને મંડળીમાં પાછા લેવા વિષેની આજ્ઞા. ૨:૬–૧૧.

(૧) જો ખ્રીસ્તી માણસનો મોટો અપરાધ કોઇ કરે તો તેની ક્ષમા નહિ કરનારાને શેતાન ફસાવીને કેવી રીતે હાની કરે છે તે કહો.

૬. મંડળી વિષે પાઉલની કાળજી. ૨:૧૨–૧૭.

(૧) "એઓને મરણનો વાસ" ને "તેઓને જીવન નો વાસ" એનો અર્થ શો છે?

૭. પ્રેરિતપણાના કામનો દાખલો. ૩:૧–૬.

૮. સુવાર્ત્તા અધિક મહિમાવંતી હોવાથી નિયમશાસ્ત્ર કરતાં શ્રેષ્ટ છે. ૩:૭–૧૮.

(૧) મુસાના મ્હોડા વિષે પાઉલ શું કહે છે?

૯. સુવાર્ત્તાની સેવાની સત્યતા અને સાદાઇ. ૪:૧–૬.

૧૦. પ્રેરિતોની સેવા પ્રભુની કૃપાથી સફળ થાય છે. ૪:૭–૧૫.

૧૧. તેને વૈભવી અમરપણાનું દૃઢ વચન હોવાથી તે જય પામે છે. ૪:૧૬–૧૮.

(૧) પાઉલે આ પત્ર લખ્યો ત્યારે તેની શરીરની પ્રકૃતિ કેવી હતી એ વિષે તમને શું લાગે છે?

૧૨. પ્રભુના સેવકને મરણની ધાસ્તિ નથી. ૫:૧–૧૩.

૧૩. સેવા, હેતુ અને ઉદેશ. ૫:૧૪–૨૧.

(૧) પાઉલ પોતાના મરનાર શરીરની કઇ બે વાતની સાથે તુલના કરી દેખાડે છે?

(૨) જો આપણે ખ્રીસ્તીમાં છીએ તો આપણે પોતા માટે કેમ જીવીએ નહિ?

૧૪. બોધ, સૂચના અને દયા દેખાડવા વિષે વિનંતી. ૬ : ૧ – ૮.

(૧) અવિશ્વાસીઓ સાથે સંબંધ ન કરવા વિષે પાઉલ કરીંથીઓને કેવી ચેતવણી આપે છે ને તેના કહેવાનો અર્થ શો છે?

(૨) ખ્રીસ્તી લોકે પોતે દેવને અર્પણ થઇને પવિત્ર રહેવા વિષે પાઉલે કેવો ઉપદેશ આપ્યો?

૧૫. પાઉલના પહેલા પત્રથી નીપજેલું સુપરિણામ. ૫ : ૧ – ૧૬.

(૧) ખરો પશ્ચાતાપ કેવો હોય છે તે વિષે પાઉલે શું કહ્યું છે?

(૨) એવા પશ્ચાતાપનાં ચિન્હો કયાં?

૧૬. માકેદોન્યાની મંડળીનો દાખલો. ૮ : ૧ – ૬.

૧૭. દાનધર્મ કરવાનો હેતુ. ૮ : ૭ – ૧૫.

૧૮. એક ખ્રીસ્તી ભાઇની ભલામણ. ૮ : ૧૬ – ૨૪.

(૧) પાઉલે પોતે ન જતાં પહેલી અને બીજી વખતે કરીંથીઓ પાસેથી ઉઘરાણું એકઠું કરવાને કોને મોકલ્યો?

૧૯. દાનધર્મ કરવા વિષે ઉત્તેજન. ૯ : ૧ – ૫.
૨૦. દાનધર્મથી દેવનો મહિમા થાય છે ને ન્યાયપણાની વૃદ્ધિ થાય છે. ૯ : ૬ – ૧૫.

(૧) દાન કરવાની કૃપા સંબંધી પાઉલે કરીંથીઓને કેવો ઉત્તેજન દાયક બોધ કર્યો ?

૨૧. પાઉલના પ્રેરિતપણાના અધિકારની સ્થાપના. ૧૦ : ૧ – ૭.
૨૨. પાઉલે સ્થાપેલી મંડળીઓપર તેનો અધિકાર. ૧૦ : ૮ – ૧૮.

(૧) પાઉલના શિક્ષણ પ્રમાણે શું કદી કોઈ માણસ સ્તુતિપાત્ર ઠરે છે ?

૨૩. ખોટા ઉપદેશકોના તહોમતોનો પાઉલનો જવાબ. ૧૧ : ૧ – ૩.

(૧) સાપે ભુલ ખવડાવવાથી હવા ફસી ગઈ એ વિષે પાઉલે શું કહ્યું છે ?

(૨) પોતાની ગરજ મટાડવા માટે કરીંથીઓ પાસેથી અથવા અખાયામાંની મંડળી પાસેથી મદદ લેવાની પાઉલ શા માટે ના પાડે છે ?

(૩) પાઉલ કોને મુખ્ય પ્રેરિત કહે છે ?

(૪) શેતાન અજવાળાના દુતનું રૂપ પણ ધરી શકે છે, એમ પાઉલ શા માટે કહે છે ?

(૫) પાઉલે સહન કરેલાં દુઃખો ક્રમવાર કહો.

૨૪. પાઉલનું સ્વર્ગી દર્શન. ૧૨ : ૧ – ૨૧.

(૧) પાઉલે એક વાત વિષે ત્રણ વાર પ્રાર્થના કરી પણ તેને તેનો જોઇતો હતો તેવો ઉત્તર મળ્યો નહિ તે વાત કઇ?

(૨) આ પ્રાર્થનાનો ઉત્તર તેને કેવો મળ્યો?

(૩) પ્રેરિતોનાં લક્ષણો કયાં છે તે વિષે પાઉલ શું કહે છે?

(૪) કરીંથની મંડળીમાં ભવિષ્યમાં કેવી વાત થવાની પાઉલને ચિંતા હતી?

૨૫. સમાપ્તિનો બોધ, સૂચના અને સલામ. ૧૩ : ૧ – ૧૪.

યાકૂબનો પત્ર.

(૧) નવા કરારમાં યાકૂબ નામના કેટલા માણસ મળી આવે છે?

(૨) તેમાંથી આ પત્ર લખનાર તમને કોણ લાગે છે?

૧. બોધ — પરીક્ષાથી ધીરજ પૂર્ણ થાય છે.	૧:૧–૪.
૨. જ્ઞાન મેળવવા માટે પ્રાર્થના કરવી.	૧:૫–૮.
૩. બાહ્ય સ્થિતીનો ભેદ બરાબર જાણવો.	૧:૯–૧૨.
૪. પાપ વિષે બહાનાં ન કહાડવાં.	૧:૧૩–૧૫.
૫. સર્વ ઉત્તમ દાનનો દેનાર દેવ છે.	૧:૧૬–૧૮.
૬. દેવનાં વચન પ્રમાણે ચાલવું.	૧:૧૯–૨૭.

(૧) વિશ્વાસની પરીક્ષા થવી એ ફાયદાકારક છે એ કેમ ઠરે છે?

(૨) શું ઇશ્વર માણસને પરીક્ષણમાં પાડે છે?

(૩) જો તે પાડતો નથી તો પછી પરીક્ષણ કયાંથી આવે છે એ સ્પષ્ટ કરી બતાવો.

(૪) શુદ્ધ અને નિર્મળ ધર્માચાર કયો છે?

૭. બહારના દેખાવ તરફ ન જોતાં સમાન રીતે ખ્રીસ્તી પ્રીતિ રાખવી. ૨ : ૧ – ૧૩.
૮. કરણી વગરનો વિશ્વાસ વ્યર્થ છે. ૨ : ૧૪ – ૨૦.
૯. કરણી વાળો વિશ્વાસ. ૨ : ૨૧ – ૨૬.

(૧) એક આજ્ઞા તોડનાર આખા નિયમશાસ્ત્ર સંબંધી અપરાધી છે એ સ્પષ્ટ કરી દેખાડો.

(૨) વિશ્વાસ અને કરણી આ બે વાત વિષે પાઉલના અને યાકૂબના શિક્ષણમાં કઇ સમાનતા છે, અથવા તે એક બીજાને વિરૂદ્ધ છે, એની સરખામણી કરો.

(૩) ઇબ્રાહીમનો વિશ્વાસ શું યાકૂબના શિક્ષણ પ્રમાણેનો હતો? (રૂમી. ૪)

૧૦. જીભથી થતાં પાપ. ૩ : ૧ – ૧૮.

(૧) જીભથી થતાં પાપ વિષે યાકૂબ શું કહે છે?

(૨) ખરા જ્ઞાન વિષે યાકૂબ શું કહે છે!

(૩) તે કેવી રીતે મળે છે?

૧૧. નિષેધાત્મક બોધ. ૪ : ૧ – ૩.
૧૨. જગતની મિત્રાઇ. ૪ : ૪ – ૧૦.

૧૩. ખામીઓ શોધવાની ટેવ ન રાખવી. ૪ : ૧૧ – ૧૨.

૧૪. અહંકાર વિરૂદ્ધ ઉપદેશ. ૪ : ૧૩ – ૧૭.

(૧) જગતની મિત્રાઇ વિષે યાકૂબ શું કહે છે?

(૨) શેતાનને હઠાવવામાં જય પામવાને કઇવાત જરૂરની હોવાનું યાકૂબ જણાવે છે?

૧૫. ગરીબોને પજવનાર લોભી દોલતમંદોને શબ્દમાર. ૫ : ૧ – ૩.

૧૬. ત્રાસ દેનાર પર દેવનો કોપ આવશે. ૫ : ૪ – ૬.

૧૭. સહન કરનારાઓને દિલાસો. ૫ : ૭ – ૨૦.

(૧) સમ ખાવા વિષે યાકૂબનું શું કહેવું છે?

(૨) પ્રાર્થના વિષે યાકૂબ શું કહે છે?

(૩) પોતાનાં પાપ કબૂલ કરવા વિષે યાકૂબનું કહેવું શું છે અને તેનો અર્થ શો છે એ તમે સમજો છો?

(૪) રાહાબ અને એલિયાના વિશ્વાસ વિષે ટુંકમાં કહો.